વિસમી સદીનો વિચિત્ર વિજય

યાને

ચેત્રપુરનાં ચમત્કાર.

પ્રકાશક,

મેજીક પ્રોફેસર હરીલાલ બી. શરમા.

ધી ઈન્ડીયન જાદુગર ભાગ ૧-૨-૩ ના પ્રગટ કર્તા.

માણસા-(મહીકાંઠા) પ્રાંત-ગુજરાત.

ગૃહસ્થો ? વાંચો ? વિચારો ? અને અવલોકન કરો.

અમારા ખેલો તેમજ પ્રયોગો ખોટા થયાની સાબીતી કરી આપનારને

રૂપીયા સો ઈનામ !

ગુણી જનની પરીક્ષા, જ્ઞાનીનેજ પીછાન.

વિણ અકલ કરશે નહી, કૃપણું, કંજુસ, નાદાન.

સંવત ૧૯૫૯. સને ૧૯૦૩.

અમદાવાદ

"વિજય પ્રવર્તક" પ્રેસ.

કીંમત ચાર આના.

સેંકડો સરટીફીકેટોમાંથી માત્ર એકજ વાંચો ?

માણસા–તા૦ ૩ સપ્ટેમ્બર ૧૯૦૨.

મેજીક પ્રોફેસર–હરીલાલ–બી. શરમા.

હું ઘણોજ ખુશી થઈ લખી આપુ છું કે, તમારા કેટલાક પ્રયોગોની રીતીઓ તથા હાથની સફાઇ, હુંરતબગાડે તેવા ખેલો અને તમાસા તથા રસાદીક માત્રાઓ અને દવાગોનો બનાવટ તેમજ દરેક જણને ઉપયોગી થાય તેવાં તમારાં રચેલાં પુસ્તકો આજે મારા જોવામાં આવ્યાં છે, તેને જોઇ ઘણોજ આનંદ પામ્યો છું અને તેથી દરેક આર્ય બધુંઓને બાલામણ કરૂ છું કે તેમને પોતાનાથી બનતી યોગ્ય મદદ અને આશ્રય આપવા માત્ર એક સ્વદેશ હિતાર્થેની ખાતર જરૂર તસ્દી લેશો કેમકે મદદ મળવાથીજ તેમની ઉતકંઠા આગળ વધે છે વળી એમનો આ સ્તુતિ પાત્ર પ્રયાસ પ્રાચીન કાળની કળા કૌશલ્ય વિદ્યા હુન્નર વીગેરેને પાછી ઉન્નતિમાં લાવવાનો તેમજ આર્ય બધુંઓને તેનો સપુર્ણ લાભ આપવાનો મુખ્ય ઉપદેશ અને હેતુ છે માટે મારા પ્રેમી બધુંઓ, ઉપરની બિના ધ્યાનમાં લઇ તમારાથી બનતો પરિશ્રમ લઇ આશ્રય અને મદદ આપવામાં ખંતીલા થશોજ એવી મારી આશા છે લી. અંકલેશ્વર નિવાસી. દેસાઈ. ગંછારામ .ભુખણદાસ–વૈશ્ય–યોગવિદ્યાના પ્રત્યક્ષ ચમત્કારોનો એક અનુભવી અને અભ્યાસી. શોધક,

सच्चिदानन्देश्वरायनमः

વાંચનાર ? આ નીચેનો વિષય હું જે પ્રસિદ્ધ કરૂં છું તે વાંચવાથી એક વખત અજાયબી થયાવિના રહેશે નહી તોપણ સત્યકરી માનો કે આ વિદ્યા અવશ્ય સિદ્ધ છે અને તેના ગુણોમહાન ચમત્કારવાળા, અજાયેબ શક્તિ ધરાવનારા છે જેનાવડે પ્રાચિનકાળના રૂષિલોકો ત્રિકાળ દર્શી હતા આકાશ ગમન કરી શકતા, દુરના સમાચાર મેળવી શકતા આ લોકમાંથી પરલોકમાં જઈ ત્યાંની આનંદમય ગમ્મત મેળવતા તેમજ આત્માને પરમાત્મા સાથે જોડી મોક્ષપદની પ્રાપ્તિ પણ કરી શકતા ત્રિકાળનુંજ્ઞાન કરાવનાર શાસ્ત્રોમાં મુખ્ય યોગ, જ્યોતિષ અને સ્વરશાસ્ત્ર છે, તેમાં પણ યોગ એ પ્રથમજ છે, તેનાથી આજે પણ હજારો તાત્કાળીક કાર્યો કરી શકાય છે, તેની મુખ્ય આઠ કળાઓ છે, તેમાંની જો એકજકળાને વળગી રહી તેનો પરીપુર્ણ અભ્યાસ કરે તો અમુલ્ય સિદ્ધિ અને ફળ આપનારી છે આ કળાઓમાં જેવા કીમતી ગુણો સમાએલા છે, તેવા તેને સાધ્ય કરવા પણ ઘણા કઠીણ છે, અને તેથીજ લાખો મનુષ્ય પૈકી ભાગ્યેજ એકાદ સખ્સ તેમાં ફત્તેહ મેળવે છે, વળી તેની એકાદસિદ્ધિ મેળવનારા પણ આ જગતમાં એક યોગી મહાત્મા રૂપે યુગ્નાઈ પોતાનું નામ અમર કરી ગયા છે,

આધુનિક સમયના લોકોમાં એવો એક કુદરતી નિયમ થઇ પડયો છે કે કોઇ પણ એકાદિ ઉત્તમ બાબતને નહી માનતાં તથા તેનો પુરો નિશ્ચય કીધા વગર નમાનું, નમાનું, એમ કહી પોતાની શ્રેષ્ટતાઇમાં તણાઇ જઇ બાથ બડાઈ મારવા મંડી જાય છે, પરંતુ તેના ખરા રહસ્યને નહીં જાણતાં અજ્ઞાનમાં અંધ બને છે, યોગ વિદ્યાના કેટલાક અભ્યાસિઓ આજે પણ પ્રખ્યાતિમાં છે, જેવા કે નડીઆદ નિવાસિ પ્રોફેસર મી. મણીલાલ નભુભાઈ મહાશય નથુરામ શર્મા પંડિત ગટુલાલજી પંડીત વૈજનાથ અવધવાસી, સ્વામી આત્માનંદજી સ્વામી ગંગાનંદજી શિવાનંદજી તથા અંકલેશ્વર નિવાસિ દેસાઇ મંછારામ ભુખણદાસ કે જેમની સાથે મારે ઘણો એક સહવાસ થયેલો છે જે મહાશયનું સરટીફીકેટ આ પુસ્તકમાં આપેલું છે તે ઉપર અમારા વાંચકો જરૂર પોતાનું ધ્યાન આપશે તેઓનો પરિશ્રમ ઘણો સ્તુતિપાત્ર છે કારણ કે આર્યભુમીની આપણી અમુલ્ય વિદ્યાને પાછી પ્રસિદ્ધિમાં લાવવાની તેમની ખરી ઉત્કંઠા હોવાથી, પોતે ગૃહસ્થ હોવા છતાં પણ સર્વેનો ત્યાગ કરી એક સ્વદેશહિતાર્થની ખાતર યોગી રૂપે હજારો શહેરોમાં દેશાટન કરી ફરે છે અને પોતાના વિસ્મયતા ભરેલા પ્રયોગો પ્રાણવિનિમયથી સાતમનુષ્યની માત્ર આંગુળી સ્પર્શથી હવામાં સાતફુટ અધર ઉડવાનો તથા ખેચરીમુદ્રાથી જીવ્હાને પાછી તાળવે ચડાવવાનો વીગેરે ઘણી જાતના યોગ વિદ્યાના પ્રયોગો કરે છે અને તે બાબતનાં સંખ્યાબંધ સરટીફીકેટો તેમને મોટા મોટા રાજા રજવાડાઓ તથા અમીર ગૃહસ્થ અને અમલદાર વર્ગોમાંથી મળી ચુક્યાં છે, મારી તરફથી કેટલાંક વરસ થયાં તલેસમાતીક મુદ્રીકા બહાર પાડવામાં આવી હતી, અને તેનો પ્રચાર પણ ઘણીક જગો

માં થઇ ચુકયો હતો, પરંતુ તેથી કંઇ જોઇએ તેવો દેખાવ તેમજ ખુબી મળી શકતી નહોતી, વળી તેની કીમત ઘણી ભારે એટલે સોનાની વીંટીના પંદર અને ચાંદીના પાંચ રૂપીયા હોવાથી ગૃહસ્થવર્ગ સિવાય તેનો લાભ કોઇ લઇ શકતું નહોતું વીગેરે કારણથી તથા મી. મંછારામની યોગ્ય સલાહથી એક આયનો રસાયનિક ઔષધીગોના યોગથી તૈયાર કરી તેનો ઘણી એક જગોએ અજમાયેસ લઈ—આર્યબંધુઓને એક સરખી રીતે લાભ આપવાના હેતુથી અલ્પ મુલ્યે એટલે માત્ર બે રૂપીયાની એક નજીવી કીમતે બહાર પાડવા યોજના કીધી છે, આયનાની રાખેલી કીમત તેના ઉપયોગીપણામાં અને ચમત્કારીક ખુબીઓ આગળ કંઇજ નથી એમ આપ મંગાવી એકવાર ખાત્રી કરશો તો જણાશે, આયનાપર યોગની એક મુદ્રા જેને (ત્રાટકમુદ્રા) દ્રષ્ટી આકર્ષણયાને મેસમેરીજમ કીયાસાધ્ય કરવાથી દરેક જણને દેખાવ સારી રીતે અવસ્ય થાય છે તથા કેટલીક ગુપ્તબિનાઓના હાલ માલમ પડે છે વળી ત્રાટક મુદ્રાસિદ્ધ કરનારને પછી મેસમેરીજમ શીખવાની કંઇપણ જરૂર રહેતી નથી અને તેથીજ માત્ર સહેજવારમાં અજાયેબ પ્રયોગો કરવાની શક્તિ મેળવી શકે છે, યોગ વિદ્યા અને મેસમેરીજમ સંબંધી વધુ જ્ઞાનમેળવવાની ઇચ્છા હોય તેમણે માત્ર દોઢ રૂપીયો અમારીપર મોકલી આપી જાગતીકળા એ નામનું પુસ્તક મંગાવી લેવું.

કેટલાક લોકો એવી તકરાર લાવે છે કે, અમે જેવી રીતે કહીએ, તેવી રીતે પ્રયોગ કરી બતાવો અને અમોને દેખાય તો ખરૂં માનીએ, પણ તેમાં તેઓ મોટી ભુલ ખાય છે, વસ્તુ માત્રના કુદરતિ નિયમો મનુષ્યે તૈયાર કીધા નથી, વિશ્વરચનામાંજ અનાદિ સિદ્ધ છે.

પ્રત્યેક વસ્તુ પોતાના નિયમથીજ બને છે, પરંતુ માણસ ધારે તેવા નિયમથી બનતી નથી, પોતે જુવે તેજ ખરૂં, બાકી બીજાએ ગમે તેવી સુક્ષ્મ રીતીથી અને કસોટીએ જોયેલું હોય તે ખોટું આપણુ એક જાતનું પોતાનું અવિચારીપણું છે, વીગેરે કારણથી મારી કેટલાક નીંદા પણ કરશે, એમ સમજ્યા છતાં પણ આ તંત્ર ખાસ નવીન રીતેથા તૈયાર કરી પ્રસિદ્ધિમાં મુક્યો છે. તે એટલા માટે કે કેટલાક શોધકવિર પુરૂષો યોગશાસ્ત્ર પ્રમાણે પ્રયોગમાં બતાવેલી રીત મુજબ આગ્રહથી મંડ્યા રહી યત્ન કરશે, તો પાછળ બતાવેલા આર્યગહાશયોની માફક પોતાનું નામ સુકીર્તિથી પ્રકાશિત કરી મનુષ્ય જન્મની સાફલ્યતા મેળવશે.

આ સ્થળે આર્યબંધુઓને જણાવવાની રજા લઉં છું કે, મારા જેવા સેંકડો મનુષ્યો આ દુનિયામાં થઇ ગયા, થાય છે અને થશે, તેમ તેવા મહાનપુરૂષો, ઉસ્તાદો, અને મહાત્માઓના ચરણની રજ સમાનછું વળી તેઓનીજ પુર્ણ કૃપાથી અને મારા માનવંતા કદરદાન ગ્રાહકો તથા મેમ્બરોના ઉદાર આશ્રયથીજ આ સેવક જે કંઇ ચીજો પ્રયોગો વીગેરે પરિશ્રમ અને યત્નથી મેળવવા પામ્યો છે, તેના પ્રત્યક્ષ ચમત્કાર જોવા ઇચ્છનારને એક વખત કરી બતાવવાની શક્તિ અને હિમત ધરાવુંછું તેમજ હજારો મનુષ્યોની વચ્ચે સિદ્ધ કરી આપી શકુંછું, માટે મહેરબાની કરી તેની ખાત્રી સારૂ મારી રૂબરૂ મુલાકાત લેવી અગર વિશ્વાસ હોય તો મારી જાદુના ૨૫ ખેલોની પેટી નં. ૧ ની રૂ. ૨૫ વાળી મંગાવવી કદાપી તમે એકદમ એટલી ભારે રકમ ખરચવા અશક્ત હો અથવા તે માટે વહેમ રહેતો હોય તો નમુના ખાતર માત્ર દશ ખેલોની નં. ૨ ની પેટી જેના માત્ર

પાંચ રૂપીયાની નજીવી કીમત રાખેલી છે કે જે એક સાધારણ ગરીબ માણસ પણ લઇ શકે તેવી છે તેને મંગાવી જુઓ તો તે માટે આપની પુર્ણ ખાતરી થશે કે આ વખતના ચાલુ જમાનામાં પણ—એક મેજીક (જાદુ) વિદ્યા ખરી છે, અને તે સર્વે વિદ્યામાં પોતાની સર્વોપરી સત્તા ધરાવે છે જુઓ અમારો—મેજીકમંત્ર—રથળ સંકોચને લીધે વધુ નહી લખતાં હવે આપના સબંધીબિના ચાલુ કરૂંછું તેપર વાંચકો પોતાનું ધ્યાન આપશે.

લી—એચ—બો—શરમા.

આથનો જોવાની રીત પહેલી.

આ તંત્ર બે રીતેથી વાપરી શકાય છે। ૧ જ્ઞાની પુરૂષો કે જેઓ પરમાત્મા અને પોતાના ઇષ્ટ દેવતાઓના દર્શનમાંજ લીન રહેવા માગતા હોય તે અને ૨ આ દુનીયાના હરકોઇ જાતના તાત્કાળીક લાભ લેવા ઇચ્છતા હોય તે, આ બંન્ને પ્રકારની રીતમાંથી પહેલી કઠીણ અને પરીશ્રમવાળી છે, અને બીજી ઘણી સહેલી સુગમ તથા દરેક જણથી બની શકે તેવી છે, પરંતુ પહેલી રીત જેટલી સાધ્ય કરવી કઠીણ છે, તેટલી વધારે ગુણવાળી અને અમુલ્ય ફળની પ્રાપ્તી કરાવનારી છે, તેથી સિદ્ધ કરેલી કળાઓ હમેશાં કાયમ રહે છે, જલદીથી તેનો નાશ થતો નથી, એટલુંજ નહી પણ તે હજારો મનુષ્યોનો ઉપકારી થઇ એક મહાત્મા તરીકે પુજાઇ પોતાનું નામ અમર કરી જાય છે.

બીજી રીત તેટલું વજન ધરાવતી નથી તેથી માત્ર પોતાના વિચારનાં સિદ્ધાંતો તથા સુખ દુઃખ લાભહાનિ વીગેરેની આગાહી મેળવી શકે છે.

૧. આ લોક અને પરલોકના વિષય ભોગની તૃષ્ણાથી જેનું મન વિરકત છે, એવા સાત્વિક મહાશયો આ વિષયના અધિકારી છે.

૨. કામ ક્રોધાદિક ખટરિપુ રહિત જીતેંદ્રિય શાંત ચિત્તવાળો મોક્ષમાં પ્રતિવાળો, યમનિયમાદિ ગુણો યુક્ત અને ગુરૂ આજ્ઞાને અનુસરનાર આ વિષયનો અધિકારી છે.

૩. જે પુરૂષ કામ ક્રોધાદિ વિષયોમાં આશક્ત અભ્યક્ષ પદાર્થોનુ સેવન કરનાર મધમાંસાદિ તામસીઅહારનુ સેવન કરનાર નિર્બળ મનના અને વ્યગ્રચિત્તવાળા મનુષ્યો આ વિષયના અધિકારી થતા નથી,

૪. પ્રયોગ સિદ્ધ કરવા ઇચ્છનારે તામસીઆહાર કરવો નહી વ્યસનાદિકો દુર કરવાં, આંખને અતીશય મહેનત આપવી નહી, જેમની આંખમાં ગરમી હોય તેણે ત્રીફળા (હરડાં, બહેડાં, આમળાં) ના પાણીથી આંખને ધોવી અથવા અમારી નેત્રાંજન ગુટીકા, વાપરવી જેથી આંખનાં ઘણી જાતનાં દરદો દુર થશે સાબુથી હમેશાં નહાવું. ઘણું હરવું ફરવું નહી, સંસારીક વિષયોમાં હમેશાં મન ઓછું રાખવું.

૫. સાધકે પુર્ણ દ્રઢતા અને વિશ્વાસ રાખવો, પ્રયોગ વખતે ગરબડ થાય અથવા મનુષ્યોની આવજાથી ચિત્તવૃત્તિ ખસી જાય તેવી સ્થિતિમાં બેસવું નહી, મનોવૃત્તિઓ પ્રફુલ્લિત હોય તે વખતે અને શાન્ત સમયે પ્રયોગનો આરંભ કરવો ઘણું કરીને પાછલી રાત્રીનો સમય અનુકુળતા વાળો છે.

૬. ઉપરની બિના ધ્યાનમાં રાખી નાહી ધોઈ સ્વચ્છ થઇ ગણપતિ અથવા પોતાના ઇષ્ટ દેવનું સ્મરણ (ધ્યાન) કરીને સ્થિર ચિત્તે મનના સંકલ્પ વિકલ્પ દુર કરીને પ્રયોગસ્થાને બેસવું. પછી પોતાની સામે આયનો એવી રીતે ગોઠવવો કે, તેલનો અથવા ઘીનો

દીવો કરીને દીવાની જોત આયનાની મધ્યમાં (વચમાં) દેખાય આયના ઉપર કોઇ સુગંધીદાર તેલનાં બે ત્રણ ટીપાં લઇ ગોળાકાર ચકર થાય તેમ ચોપડવું, એ પણ યાદ રાખવું કે, વધારે ચોપડવું નહી કે જેથી તેલના ઓગરાળા રેલા ઉતરે અને ચકરને બગાડી નાંખે.

૭. આ પ્રમાણે આયનો ગોઠવી તેના મધ્ય ભાગે દીવાની જોત અંદર દેખાય છે તેની બત્તીના લાલ મોગરાવાળા ભાગ ઉપર દ્રષ્ટી સ્થિર કરવી, અવાજોપર લક્ષ જતુ હોય તો કર્ણમુદ્રા (કેસર, એલચી, જાયફળ એ સરખે વજને વાટી રેશમી કપડામાં શીવી વાટીકા કાનમાં બંધ બેસતી આવે તેવી બનાવી) પહેરવી પ્રથમ અભ્યાસીને આંખમાંથી પાણી નીકળશે, પણ તે માત્ર ગરમીને લીધે જ નીકળે છે. માટે તે નીકળી જવા દેવું અને આંખની મીટ (પલટ) મારવી નહી, આવી રીતે ચાર પાંચ દીન પાણી નીકળશે પણ તેથી કંટાળવું નહી, પછી તે પોતાની મેળે જ બંધ થઇ જશે, આ પ્રમાણે જોતાં પાંપણુ મીંચાઇ જાય તો ફીકર નહી કરતાં ફરીથી આંખને સ્વચ્છ કરીને જોવું. પણ યાદ રાખવું કે મનોવૃત્તિ સ્થિર રાખીને આંખની પલટ માર્યા વગર જેમ બને તેમ વધારે વખત જોવાશે તેમ વધારે ફાયદાકારક થશે, આ પ્રમાણે દરરોજ અડધાથી એક કલાક સુધી દ્રષ્ટી સ્થિર કરવાનો મહાવરો પાડવો. જુઓ માનસીકયોગમાં–છાયા પુરૂષ સાધનનો મુળપ્રયોગ, જેનુ વર્ણન–જાગતી કળામાં તેમજ અમારા બનાવેલા ધી ઇન્ડીયન જાદુગર ભાગ ૩ જામાં ખુલાસાથી લખવામાં આવેલું છે. વળી તેના ઉપરથી જ આ પ્રયોગનું શોધન કરી થોડી મહેનતે સાધ્ય કરવાની રચના અને ગોઠવણુ બનાવી તૈયાર કીધી છે.

૮. એકલી દ્રષ્ટી સ્થિર કરવાથી કાર્ય સિદ્ધ થતું નથી, પરંતુ તે જોડે મન સ્થિર કરવાની પણ જરૂર છે, ૨૫-૩૦ મીનીટ દ્રષ્ટી સ્થિર થશે એટલે જોનારને એક મોટું જંગલ દેખાશે, વળી તેમાં ઝાડ, પહાડ, નદીઓ, વીગેરે પુષ્કળ જોવામાં આવશે, વળી ઘડીકમાં શહેર, નગર, દેશ, સ્વર્ગપુરી, યમપુરી, પ્રેતપુરી, ઇંદ્રપુરી, (પરસ્તાન) વીગેરે નજરે આવશે, અને છેવટે પરલોકનું જ્ઞાન થશે. જેમ વધારે ધ્યાન લગાડશે, અને ચિતવૃત્તિ સ્થિર કરશે તેમ વિશેષ તાજુબી ભરેલા ચમત્કારો અવલોકન થશે, તે એટલા સુધી કે ઘણા દીવસના ચાલુ અભ્યાસે પોતાના દેવને પ્રત્યક્ષ જોશે, તથા તેનું ધ્યાન પુર્ણ રીતે કરી શકશે, વળી ભુતભવિષ્ય અને વર્તમાન બિના જાણવામાં સંકલ્પ થતાની સાથે જ તે જાણવા શક્તિવાન થશે, આવી સ્થિતી વાળા મનુષ્યો આર્યભુમીમાં એક યોગી વર્ગમાં ગણાય છે અને પુજાય છે, તેના ઘણા દાખલાઓ સાંભળવામાં તથા વાંચવામાં આવ્યા છે, તેમ જ પ્રત્યક્ષ પણ જોવામાં આવેલા છે. જેનું વર્ણન સ્થળ સંકોચને લીધે લખવાને બની શકતું નથી.

૯. આ પ્રયોગ કરનારને પ્રથમ તો એક નવાઇ અને વહેમ ભરેલું આશ્ચર્ય ઉત્પન્ન કીધા વગર રહેશે નહી, તેમ માનવામાં પણ આવશે નહી, પરંતુ જ્યારે આમ બે રૂપીયાની એક નજીવી રકમ ખરચી આયનો મગાવશો જોશો, અને જાતીઅભ્યાસથી સાધ્ય કરશો તો સેંકડો રૂપીઆ ખરચવા છતાં પણ નહી બની શકે તેવું કામ સહેજવારમાં વગર ખરચે કરી શકશો, નાહક મિથ્યા વહેમી બગબાબોમાં સપડાઇ ધુર્ત્ત, પ્રપંચી, કપટી, લોભી, અને સ્વાર્થીઓના હાથે વખત, પૈસા અને જાનની, ખુવારી કરવામાં શા માટે અજ્ઞાન-

તારૂપી અંધકારમાં દોરાઓછો, સત્ય વિદ્યાનું ગૃહણ કરો. ખરા પ્રયોગો અને સિદ્ધ ચમત્કારોનું અવલોકન કરો, જેથી તમો કદીપણ તેવા મનુષ્યોના હાથમાં ફસાવાના નથી અને હજારો મનુષ્યોની વચ્ચે, તમારા જાદુઈ ચમત્કારો બતાવી, સુખ, સંપત્તિ અને યશ મેળવવાને શક્તિવાન થશો, ખાત્રીને સારૂ અમારી નંબર બીજાની દશ ખેલોની પેટી ગંગાવી જુઓ—એચ—બી—શરમા.

તાત્કાળીક પ્રયોગ જોવાની રીત બીજી.

૧. આ રીત ઘણી સહેલી અને દરેક જણથી બની શકે તેવી છે, પ્રયોગ કરનારે શુદ્ધ ચિત્તથી એકાગ્ર વૃત્તિથી એકાંત સ્થળમાં પાછળ બતાવેલી રીત પ્રમાણે આસનો ગોઠવી, તે પર સુગંધીદાર તેલથી ચકર બનાવીને બેસવું, જો ચિત્તની શાન્તિ અને મનની પ્રસન્નતા નહી હોય તો પ્રયોગમાં દેખાવ થવાને વિલંબ લાગશે તથા તેમાં ખામી હોવાથી દેખાવ થશે પણ નહી, કારણ કે પ્રયોગનો મુખ્ય પાયો. મનની સ્થિરતા અને દ્રષ્ટીના ટકાવ ઉપરજ છે, માટે શ્રદ્ધા અને વિશ્વાસથી પોતાના દેવનું ધ્યાન રાખી સ્થિર ચિત્તે બેસવું.

૨. જ્યારે અમુક માણસ જોઇ શકે છે કે નહી. તેની ખાત્રીને માટે પ્રયોગ કરવો હોય તો, ગમે તેવે પ્રસંગે કોઇ પણ માણસને બેસારી જોવો, પછી તેને દેખાવ થાય છે અગર નથી થતો, એની ખાત્રી થયાથી, કોઇ પણ કાર્ય પ્રસંગે પ્રયોગ કરવાની જરૂર પડે તો પાછળની વિધિ પ્રમાણે બેસારી યોગ્ય હકીકત મેળવવી (આ કામમાં પગેથી જનમેલું મનુષ્ય જલદીથી તેમ સારી રીતે દેખાવ જોઇ શકે છે એમ અનુમાન થાય છે, માટે શોધકોએ બની શકે તેમણે અ-

નુભવ લેવો અને તેના પરિણામની યોગ્ય હકીકત જણાવશે તો, આભાર સાથે તેમાં ઘટતો સુધારો કરવામાં આવશે.)

૩. દસથી બાર વરસ લગીની કુંવારીકાને અથવા છોકરાને કે જેનું શુદ્ધ અંતઃકરણ અને સ્થિર ચિત્ત હોય તથા કોઇ પણ જાતની આધિવ્યાધિ ઉપાધિથી રહીત હોય, તેને પ્રયોગ સ્થાને બેસારવો, પણ તે જો નહી મળી શકે તો ગમે તે સ્ત્રી પુરૂષને સ્થિર ચિત્ત વાળાને બેસારવો.

૪. અમારા જાતી અનુભવથી સિદ્ધ થયું છે કે આ પ્રયોગમાં ઘણી વખતે મોટી ઉમરનાં સ્ત્રી પુરૂષો પણ સારી રીતે દેખાવ જોઇ શકયાં છે, તથા કેટલીક બિનાઓ પણ ખરી રીતે જણાઇ આવેલી છે પરંતુ ટુંકામાં કહેવાનું એટલુંજ કે. તેમની મનોવૃત્તિ જ્યાં સુધી સ્થિર નથી અને દ્રષ્ટી બરાબર જામી નથી. ત્યાં સુધી દેખાવ થવાને વખત લાગશે માટે ચિત્તની અસ્થિરતા વાળાને તથા દ્રષ્ટી ટકાવાગાં અશક્ત એવા માણસને પ્રયોગ સ્થાને બેસારવો નહી. કારણ કે તેથી મહેનત અને વખત નકામોજ ગુમાવાય છે.

૫. નીંદ્રામાં ઘેરાયલો, તુરતનો જગેલો જેનું ચિત્ત વ્યગ્ર બટકનું. તામસી પ્રકૃતિ વાળો, નિશામાં લીન થયેલો, એવા મનુષ્યોને પણ પ્રયોગ સ્થાને બેસારવા નહી.

૬. પ્રયોગમાં બેસનારે વાંકુચુકુ થવું નહી પણ એકજ આસન (પદ્માસન) થી પલાંઠી વાળી સીધા ટટાર થઇ બેસવું કે વારે ઘડીએ હાલવું પડે નહી.

૭. જોવા બેસનારે ડોકું ધુણાવીને અથવા માથુ હલાવીને કદીપણ ઉત્તર આપવો નહી, કારણ કે તેથી થયેલો દેખાવ ગુમ થઇ

જાય છે, માટે દરેક પ્રશ્નનો ઉત્તર તથા વાતચીત મોઢેથી બોલીને છુટથી કરવી.

૮. દીવો બનતા સુધી તેલનોજ કરવો. કારણ કે તે બરાબર સારી રીતે લાંબો વખત બળ્યા કરે છે. લાંબા વખતના અભ્યાસીને ઘીનો દીવો વાપરવાની હરકત નથી દીવાની બત્તી (વાટ) ઉભી નહી કરતાં આડીજ રાખવી જેથી તેનો લાલ મોગરો સારો પડે છે અને તેથી દ્રષ્ટી જોડવાને તથા નજર ઠરાવાને સારી રીતે અનુકુળ પડે છે.

૯. પ્રયોગ સ્થાન કેવળ શાન્ત હોવું જોઇએ, તથા તેમાં વિશેષ પવન નહી આવે તેમ કરવું જોઇએ. જોનાર પાસે બે ત્રણ શ્રદ્ધાવાળા માણસો વગર બીજા કોઇને બેસવા દેવા નહી, જોવા તરીકે આવેલા માણસોને દુર રાખવા, પ્રયોગ વાળા હોલ (કોટડી) માં બેસવા સાફ મના કરવી જે સખ્સોને પ્રયોગ પર શ્રદ્ધા નથી, અને પોતાનાજ ડહાપણથી, મશ્કરી, હાંસી, કરતા હોય, તેવા મનુષ્યો આ પ્રયોગને ઘણી હાની કરનારા છે, માટે તેમને તો ખાસ દુરજ રાખવા, અને જોતે પ્રત્યક્ષ ચમત્કાર જોવા માગતા હોય, અગર નહી માનતા હોય તો. ખુશીથી મારી પાસે મોકલવાને અથવા આવવાને ભલામણ કરજો જેથી હું સારી રીતે તેમના મનની શંકા સમાધાન દુર કરી આપીશ,–પરંતુ પ્રયોગ સ્થાનમાં બેસવા દેવા નહીં અગર તેવી જગોમાં પ્રયોગ કરવોજ નહી; જોનાર સખ્સની પછવાડે તેમ સામે કોઇને બેસવા દેવો નહી, જરૂર પડે તો પડખેની બાજુમાં જરા છેટે બેસારવા, માસીક રૂતુવાળી સ્ત્રીઓને પણ આ સ્થાનમાં રાખવી નહી, વીગેરે બાબતો બરાબર ધ્યાનમાં રાખવી.

૧૦. પ્રથમ દ્રષ્ટી સ્થિર કરવાનું સ્થાન, આયના અંદર જ્યાં

દીવાની જોત દેખાય છે, ત્યાં જોતના નીચેના બત્તીના લાલ મોગરા-વાળા ભાગમાં દ્રષ્ટી સ્થિર કરવી, જેવી રીતે મનુષ્યને જાગૃત અવ-સ્થામાંથી સ્વપ્ન અવસ્થા કેવી રીતે પ્રાપ્ત થાય છે, અને સ્વપ્ના વ-સ્થાગાં પુર્ણ રીતે ગયા પછી ત્યાં આગળ કેવી પ્રકારનાં સુખ દુઃખ મોજ મજાહ આનંદ શોક ભોગવાય છે તેવીજ રીતે દ્રષ્ટી આકર્ષણ (ત્રાટકમુદ્રા) સાદય થવાથી અને મનોવૃત્તિ સ્થિર થવાથી આત્માને આ લોકમાંથી પરલોકનુ જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને એવી રીતે દ્રષ્ટી બરાબર જામી ગઇ એટલે તુરતજ ઝાડ, પહાડ જંગલ વિશાળ મેદાન, શેહેર, મકાન વીગેરે જણાશે, કેટલાક મોટી ઉમરના માણસો કે જેમને સારી રીતે જ્ઞાન છે તેઓને પણ આ વખતનો દેખાવ ઘણોજ ભવ્ય અને આનંદકારી જાણે કે સ્વર્ગપુરી ઇંદ્રપુરીયા પરસ્તાન નહી હોય તેવો ઘણોજ રમણીય વર્ણવે છે, અને જાણે છે કે હું આ એક નવી સૃષ્ટીમાં હરૂ ફરૂછું અને મોજ આનંદ માણુછું—એવું તેને ભાન થશે, જોનાર સખ્સ જો હુશીઆર હોય તો પ્રથમથીજ તેને સમજાવી રાખવું કે આયનામાં કેવી રીતે જોવું, તથા કયા પ્રશ્નનો ઉત્તર મેળ-વવો છે તે કહી રાખવું જેથી તે પોતાની મેળે બરાબર તેમાં જોઇને ઉત્તર મેળવી આપશે અમોએ દરેક જોનારની સુગમતાર્થે કલ્પીત ર-ચનાની ગોઠવણ બેસારી છે તેપર ધ્યાન આપી બતાવેલી રૂઢીપર જો-વાની તથા પ્રશ્ન ઉત્તર કરવાની સાવચેતી અને સમય સુચકતા વાપરવી.

૧૧. જોવા બેસનારને અડધા કલાક સુધીમાં જોઇએ તેવો દેખાવ નહી થાય તો પછી તેની જગોએ બીજાને બેસારવો, અથવા ફરીથી બીજે દીવસે બેસવું, કોઇને પાકલાકમાં કોઇને અડધા કલાકમાં અને કોઇને બે ચાર અથવા છ સાત દીવસના ચાલુ અભ્યાસે તો

અવશ્ય દેખાવ ઉપરની ખામીઓ દુર થવાથી થાય છે.

૧૨. જોવા બેસનારને બીજા ઘણી જાતના દેખાવો થશે, અને જતા પણ રહેશે, છેવટે એક વિશાળ ઝાડ દેખાવા માંડશે, પછી ઝાડની નીચે થોડીવારમાં, એક કુદરતી કલ્પીત છોકરો આવશે, જ્યાં સુધી ઝાડ અને છોકરો નહી આવે ત્યાં સુધી દેખાવ થવામાં ખામી સમજવી માટે પુરો દેખાવ થતા સુધી દ્રષ્ટી જોડેલીજ રાખવી, કોઇ વખતે જોનારને ઝાડ આવે છે અને ઘણીવાર સુધી જોવા છતાં જ્યારે છોકરો નહી આવે તો પ્રશ્ન કરવો કે–અયે તલેસમાતિક છોકરા મહેરબાની કરી તું જલદી આવ, થોડા વખતમાં આવશે, તે બરાબર આવ્યો છે એમ સાફ દેખાય એટલે, કહેવું કે ?

ઝાડ નીચેથી ઝાડુ (કચરો) કાઢી નાંખ કાઢી રહે એટલે, પ્ર–પાણીનો છંટકાવકર પાણી છાંટી રહે એટલે પ્ર–જાજમ (બીછાનું) લાવી પાથર–પાથરી રહે એટલે પ્ર–આસન ખુરસીયો અથવા કોચલાવી ગોઠવ. તે થઇ રહ્યાબાદ, હનુમાનજી, ગણપતિ, કાલિકા, અથવા પોતાને જે માનતો હોય, તે દેવ દેવી, ઓલીયા, પીર, પેગંબર, વીગેરેમાંથી જેટલાને બોલાવવા કહેવું હોય, તેટલાને બોલાવવા, તથા આસનપર બેસવા વિનંતી કરવી, બાદપોતાને પ્રશ્નકરવા આજ્ઞા–અથવા ફરમાશ માગવી, અંદરથી જવાબ લખીને અથવા. હાથ, માથાના ઇસારા (સાન)થી અગર મંદદનીથી કહેવામાં આવશે તેપર જોનારે ધ્યાન આપવું, સમજ નહી પડે તો ફરીથી પુછવું.

૧૩. મારો અમુક પિતા, મિત્ર અથવા સ્ત્રી ગુજરી ગયાં છે, અથવા બહાર દેશાવર ગયેલાં છે તેમને બોલાવો ફલાણા ચોકસ માણસને બોલાવો, ફલાણી ચીજ મંગાવો, અમુક માણસને શું દરદ થ-

યું છે, શાથી થયું છે, કોઈ ગામ કે ઘર જોવું હોયતો ફલાણું ગામ અગર ઘર બતાવો અંદરની બિના જાણવી હોય તો, ફલાણા સખ્સનું ઘર જો, અંદર પેસ, તેમાં કોણ કોણ છે ? શું કરે છે, વીગેરે જોનારે અથવા પુછનારે યુક્તિથી સવાલો પુછવા તેમાં પ્રથમ ચાલુ વર્તમાનકાળના, પછી ભુતકાળના અને છેવટે ભવિષ્યકાળના એમ ઉતરતા અનુક્રમે પુછવા જોઇએ, પ્રશ્નનો ઉત્તર ખોટો જણાય તો જોનારને એકદમ ગભરાવવો નહી. પણ તેને બરાબર ધ્યાનથી જોવા સારૂ ચાલુ પ્રસંગમાં વાત મેળવવી.

૧૪. જોનારની ચિત્તવૃત્તિ અને દ્રષ્ટી બરાબર જામ્યાં હશે તો સવાલ જવાબ કરવાને બીલકુલ અડચણ પડશે નહી, કારણ તેની દ્રષ્ટી પુર્ણરીતે જામી ગઇ હશે તો તેનું મન પણ તેમાંજ તલ્લિન થયેલુ હશે, અને જો તે શુદ્ધ અંતઃકરણવાળો હશે તો દેવતાઓ સાથે છુટથી વાતચીત કરી શકશે, જુઓ (પાતાંજલ યોગ દર્શન કી. ૩૨) બો) જો સાધક દ્રઢતા પુવક ત્રાટકમુદ્રા આ ચીત્રપુરૂપી આયના મારફતે સાધ્ય કરશે, અને તેના નિયમો પ્રમાણે અનુસરસે તો જલદીથી તેના અજાયેબ ચમત્કારો, યાને પાવકલોકમાં પરસ્તાનકી શએર કરવાની મજાહ મેળવશે, જેવી સાધકની આસ્થા દ્રઢતા અને સ્થિરતા હશે. તેવી પ્રયોગની સિદ્ધી વહેલી અગર મોડી થઈ શકશે, લગભગ ૩૦—૩૫ મીનીટ લગી મોટી ઉમરનો માણસ આંખની મીટ માર્યા વગર સ્થિર ચિત્તે દ્રષ્ટી લગાડશે તો તુરતજ તેને ચમત્કારો જોવામાં આવશે, ત્રાટક સિદ્ધ થયે પછીથી જોવાને એટલીવાર તથા મહેનત લાગશે નહી, આર્ય બંધુઓ ? સેંકડો રૂપીઆ ખરચતાં પણ નહી મળી શકે તેવી અમુલ્ય અને કી-

મતી આપણી માતૃ વિદ્યાને પાછી પ્રસિદ્ધમાં લાવવા એક સ્વદેશ હિતાર્થની ખાતર બે રૂપીયાની એક નજીવી રકમ ખરચવાની કંજુસાઇ નહી કરતાં એકવાર મંગાવી ખાત્રી કરો, જો આયનાને સંભાળથી જાળવી રાખી વાપરશો તો ઘણા વરસ લગી તે દરેકને ઉપયોગી થશે પ્રયોગ કરનારા મહાશયોને અરજ કરવાની કે આયના સંબંધીની જે જે યોગ્ય હકીકત માલમ પડે તે સવિસ્તર જણાવવા કૃપા કરશો—કમીશનથી સામટા વેચવા સારૂ મંગાવનારને ત્રણ નંગના રૂ ૫) પાંચ છ નંગના આઠ અને બાર નંગના રૂ ૧૫) પંદર લઈ-વી-પી-થી મોકલવામાં આવશે-ખાસ ફંડના મેમ્બરો તથા અમારા જુના ગ્રાહકોને માત્ર દોઢ રૂપીયાથી આપવામાં આવશે પોષ્ટેજ પેકીંગ ખર્ચ દરેક મંગાવનારને વધારે ભરવું પડશે.

લી. સ્વદેશ પ્રેમાભિલાસિ

મેજીક પ્રોફેસર હરીલાલ-બી. શરમા.

પ્રોફેસર એચ-બી-શરમાકૃત-મેજીકબોકસ નંબર વન-૧

જાદુના પચીસ ખેલોની પેટી.

કીમત માત્ર રૂ ૨૫) પચીસ-આ ખેલો નં. ૨ જાની પેટીના દસ ખેલોથી તદન જુદી જાતના આજાયબ ચમત્કારો બતાવનારા મીત્ર મંડળ, બેઠક, મીજલસ, મેળાવડા, તેમજ નાટકના સ્ટેજપર કરી શકાય, તેવા ગરીબ ગૃહસ્થ, અમીર, અમલદાર, રાજા મહારાજા, વીગેરેને શીખવા તેમ જ જાણવા લાયકના તૈયાર કરી અલ્પમુલ્યે અમુલ્ય, વિદ્યા, આર્ય બંધુઓને અર્પણ કરવાના હેતુથી જ બહાર

પાડયા છે માટે શોખીન અને કદરદાન ગૃહસ્થો એકવાર મંગાવી અવસ્ય ખાત્રી કરશો. ખેલ ૧ આગીઓ વૈતાળ ૨ મેજીકગ્લાસ ૩ ચીનાઇ રેશનાઇ ગુલાબજળનો વરસાદ ૪ હુકમી હથોડી, ૫ ગેબી ગુરજ, ૬ મેજીકડબી, ૭ મેજીકસ્ટીક, ૮ ફોટોગ્રાફીક પ્લેટ, ૯ બહુરૂપી કાર્ડ, ૧૦ જ્યોતીષી કાર્ડ, ૧૧ ટ્રાવેલીંગબોલ, ૧૨ મેજીકપીકચર બુક, ૧૩ શાહી પાણીના હુકમી ગ્લાસ, ૧૪ સજીવન ડબો, ૧૫ વિલક્ષણ બોર્ડ, ૧૬ તલેસમાતીક રૂપીયા, ૧૭ હુકમી પીશાચ, ૧૮ જાદુઇ ફાનસ, ૧૯ વિચીત્ર કરંડીયો, ૨૦ ભેદ ભરેલો ચગચો, ૨૧ ધી ઇન્ડીયન મેજીકબોલ, ૨૨ વીંટી લાકડીનો મેજીક મેળાપ, ૨૩ હવાઈ ચકલી, ૨૪ કર્ણપીશાચી તંત્ર, ૨૫ મેજીકપ્લેટ ભુસાનાં ફુલો . અને મંડળીને છેલ્લી ભેટ, પ્રથમ પૈસા મોકલ્યા વગર કોઇને પણ ખેલો અને તેનો સામાન આપવામાં આવશે નહી પોષ્ટ કરતાં રેલવે માર્ગે સામાન મંગાવનારને વધુ સુગમ પડશે–ખરીદેલો કોઇ પણ ખેલ જોયા બાદ પાછો લેવામાં આવશે નહી સરનામુ મંગાવનારે બરાબર ચોકસ જણાવવું, વધુ માહીતી રૂબરૂ મળી અગર પત્ર વહેવારથી મેળવવી, પેટીઓ આકડા પુરતીજ બનાવવામાં આવે છે, માટે વહેલો તેજ પહેલો.

PRO, HARILAL–B–SHARMA.

મુ. માણસા પોષ્ટ. અમદાવાદ.

આર્ય ભ્રાતા આળસતજી, મેમ્બર થશો જો હાલ,
હુજર ખેલ ઔષધ તણો, મળશે ડબલ ચીજ માલ.

☞ધી માણસા આર્યોદય સર્વ હિત ફંડ.

આ ફંડ માત્ર આર્ય બંધુઓની સેવા બજાવવા એક સ્વદેશ હિતાર્થની ખાતર કાઢવામાં આવ્યું છે, આમાં દરેક જણ દાખલ થાય ત્યારથીજ સારો નતે લાભ લઇ શકે તેવી ગોઠવણ રાખી છે. વળી તે સાથે ભરવાની ફી પણ ઘણીજ થોડી ગણેલી હોવાથી ગરીબ તેમજ ગૃહસ્થ બને વર્ગને દાખલ થવાને એક સુગમ રસ્તો છે. વાર્ષિક મેમ્બરના દરવર્ષે રૂ ૨) બે તથા લાઇફ મેમ્બરને માત્ર એકજ વાર રૂ ૧૦) દસ ભરવાથી હમેશલગી તેનો લાભ મળ્યા કરે છે ભેટો વગેરેના પોષ્ટખરચના ચાર આના વધુ દરેક વર્ષે દરેક મેમ્બરોએ મોકલી આપવા.

અપુર્વ લાભ- સને ૧૯૦૩ ની આખર લગીમાં મેંમ્બર થઇ તેનાં નાણા મોકલી આપી અમારી છાપેલી પોચ મેળવનારને વૈદ્ય રત્નાકર નામે રૂ ૫) પાંચની કીમતનું પાંત્રીસ ફરમાનું ૨૮૦ પૃષ્ટના પાકાપુઠાનું પુસ્તક ભેટ મળશે સિવાય નં ૧ ની ૨૫ ખેલોની પેટી રૂ ૧૫) પંદરથી મળશે નં ૨ જાની દસ ખેલોની પેટી તથા ત્રિકાળ દર્શીઆયનો રૂ. પાંચથી મળશે, દરેક ચીજ મગાવવાનું પોષ્ટેજ પેકીગ ખર્ચ મંગાવનારને વધારે ભરવું પડશે જે ભેટો ચીજો વીગેરે જેમને મળી ગયેલા હો તેગણે તેને બદલે પોતાને પસંદ પડતી બીજી કોઇ પણ ચીજો મંગાવવી જેથી અમારા જુનાગ્રાહકો, તથા મેમ્બરોને આ નિયમ ઘણોજ લાભ કર્તા અને ફાયદાવાળો થશે માટે તેમણે નવીન વરસમાં દાખલ થવાની ફી આળસ નહી રાખતાં તાકીદે મોકલી-કીમતી લાભ મેળવવા,

માણસા નિવાસી,

મેડીકલ પ્રોફેસર-હરીલાલ-બી-શરમા,

ખુશ ખબર–નહીં વાંચો તો ડબલ લાભ મળશે.

અમારા માનવંતા કદરદાન આશ્રયદાતા ગ્રાહકો તથા ફંડના મેમ્બરો માટેજ ખાસ; વહેલો તેજ પહેલો. સન ૧૯૦૩ ની આખર લગીમાંજ આપવામાં આવશે.

કૃપાવર્ય મહાશય,

આપના લાંબા વખતના ઉત્તેજન અને આશ્રય માટે પણોજ આભારી છું, અને તેનો યોગ્ય બદલો વાળી આપવાનો આ એક સગવડતા ભરેલો પ્રસંગ હોવાથી જરૂર તે ઉપર ધ્યાન આપશો.

ઉપરની મુદતની અંદરમાં આપના તરફથી જો પાંચ રૂપીયાની એક નજીવી રકમનો મનીઆર્ડર મોકલાવી આપશો તો મારા નામની હમેશની યાદગીરી ખાતર આપની પ્રેમી સેવામાં જાદુના દસ ખેલોની પેટી તથા ત્રિકાળદર્શી આયનો આ બંને ઉપયોગી ચીજો તેની ખુલાસાવાર કૃતી સહીત ગુપ્તવિદ્યા પ્રકાશ નામના કીમતી પુસ્તકની ભેટ સાથે મોકલી આપવામાં આવશે, પોષ્ટેજ પેકીંગ ખર્ચ માફ. શોખીન બંધુઓ? આવો કીમતી લાભ આળસથી વ્યર્થ નહી ગુમાવતાં તાકીદેથી મંગાવી લેવાને ફરમાશ કરશો, અમારી ઉપરના સઘળી જાતના કામકાજનો વ્યવહાર નીચેના સરનામેજ હમેશાં ચાલુ રાખવો.

મેજીક પ્રોફેસર હરીલાલ બી. શરમા,

માણસા–પોષ્ટ અમદાવાદ પ્રાંત ગુજરાત.